# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર

## ડોકયુમેન્ટ અપલોડ નહી કરવા બદલ “Not eligible” ગણવા અંગેની જાહેરાત

## જાહેરાત ક્રમાંક:-૧૨/૨૦૨૧૨૨ જુનીયર કલાર્ક (હિસાબ/વહીવટ)

જાહેરાત ક્રમાંક:-૧૨/૨૦૨૧૨૨ જુનીયર કલાર્ક (હિસાબ/વહીવટ) સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૯/૦૪/૨૦૨૩ના રોજ યોજવામાં આવેલ હતી. જેનું પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ તા.૧૬-૦૬-૨૦૨૩ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. જેમાં સમાવિષ્ટ કુલ ૧૯૩૨ ઉમેદવારોના ઓનલાઇન ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવા માટે ઉમેદવારોએ પોતાના ડોક્યુમેન્ટ https://iass.gujarat.gov.in ઉપર ઓનલાઇન અપલોડ કરવા અંગેનો સમયગાળો તા.૨૦-૦૬-૨૦૨૩ ના રોજ બપોરે ૧૫:૦૦ કલાકથી તા.૦૧-૦૭-૨૦૨૩ રાત્રે ૨૩:૫૯ કલાક રાખવામાં આવેલ હતો. આ બાબતે પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને તેઓના રજીસ્ટર્ડ ઇ-મેઇલ આઇડી ઉપર ઇ-મેઇલથી જાણ કરવામાં આવેલ હતી, તેમજ ઉમેદવારોને તેઓના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર SMS થી પણ જાણ કરવામાં આવેલ હતી. તેમજ મંડળની વેબસાઇટ ઉપર જાહેરાત પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. ઉપરાંત જે ઉમેદવારોએ ડોકયુમેન્ટ અપલોડ કરેલ ન હતા, તેઓને પુનઃ SMS કરીને પણ જાણ કરેલ હતી.તેમજ ડોકયુમેન્ટ અપલોડ કરવાની છેલ્લી તારીખ ૦૧-૦૭-૨૦૨૩ થી લંબાવીને તારીખ ૦૩-૦૭-૨૦૨૩ (સવારે ૧૧-૦૦ કલાક સુધી) કરવામાં આવેલ હતી. ત્યારબાદ મંડળ ધ્વારા જે ઉમેદવારો ધ્વારા ડોકયુમેન્ટ અપલોડ કરેલ ન હતા, તેવા તમામ ઉમેદવારોને ઓનલાઇન ડોક્યુમેન્ટ અપલોડ કરવાનો સમયગાળો તા.૧૧-૦૭-૨૦૨૩ના સવારે ૧૧-૦૦ કલાક સુધી લંબાવેલ હતો. અને જે ઉમેદવારોએ ડોક્યુમેન્ટ અપલોડ કરેલ નથી, તેમને ઇ-મેઇલ મોકલીને, તેમના ડોકયુમેન્ટ અપલોડ કરવા જાણ કરેલ હતી. તેમજ મંડળની વેબસાઇટ ઉપર ડોક્યુમેન્ટ અપલોડ કરવા અંગેની જાહેરાત પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. આમ મંડળ ધ્વારા ઉમેદવારોને ઓનલાઇન ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટેની પુરતી તક આપવામાં આવેલ છે. તેમ છતાં ૪૬ ઉમેદવારોએ ઓનલાઇન પોતાના ડોક્યુમેન્ટ અપલોડ કરેલ નથી, જેથી આવા ઉમેદવારો નોકરી મેળવવા ઇચ્છુક ન હોવાનું માનવાને પુરતુ કારણ રહે છે, આમ જાહેરાત ક્રમાંક:-૧૨/૨૦૨૧૨૨ જુનીયર કલાર્ક (હિસાબ/વહીવટ)ની ભરતી પ્રકિયા માટે આ સાથેના લીસ્ટમાં જણાવ્યા મુજબના કુલ-૪૬ ઉમેદવારોને ડોકયુમેન્ટ અપલોડ ન કરવાને કારણે “NOT ELIGIBLE” ગણી ,સદર ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવાના રહેતા નથી. તેવો મંડળ ધ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેની સબંધિત ઉમેદવારોએ નોધ લેવા વિનંતી છે.

“મંડળના આદેશાનુસાર” સચિવ